सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮–૦૯–૨૦૨૧ |
| નોધ્યા તારીખ | ૧૮–૦૯–૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૧૭–૦૬–૨૦૨૨ |
| સમયગાળો | ૦૦ વર્ષ – ૦૮ માસ – ૩૦ દિવસ |

## મહેરબાન ભરૂચના છઠ્ઠાં એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

**ફોજદારી કેસ નં. : ૧૦૯૪૩/૨૦૨૧**

**આંક :–**

**ફરીયાદી :–** **અંકિત રમેશચંદ્ર મોદી**
તે એ. આર. શ્રોફ પેઢીનાં પ્રોપરાઈટર, દીનાબેન રમેશચંદ્ર મોદીના કુ.મુ.
રહે. ૧૦૨, નિલકંઠ નગર, ગુ.હા. બોર્ડ સેવાશ્રમ રોડ, તા.જી. ભરૂચ.

**વિરૂધ્ધ**

**આરોપી :–** **ખાલીદભાઈ વલીભાઈ પટેલ**
રહે. મકાન નં. ૧૧, અપના નગર સોસાયટી, ગામ–વાગરા,
તા. વાગરા, જી. ભરૂચ.

**ગુન્હો :– ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ...**

**//ફરીયાદ પક્ષ તરફે :– વિ.વ. એચ.પી. પરમાર//**
**//આરોપી તરફે :– વિ.વ.શ્રી એસ.એન. શેખ//**

## –:: ચુકાદો ::–

**ફરીયાદની ટુંકમાં હકીકત :–**

(૧) ફરીયાદીપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને લાયસન્સથી નાંણા ધિરાણનો ધંધો કરે છે. આરોપીએ ફરીયાદી પાસેથી નાણાં ધિરાણ લીધેલ હોય જેથી આરોપીને ઓળખે છે. આરોપીએ ફરીયાદી પાસેથી **તા.૧૪/૦૮/૨૦૨૧** ના રોજ **રૂ.૨,૦૦,૦૦૦/–** રોકડેથી ધિરાણ લીધેલ હતા. જે આરોપીએ અમો ફરીયાદી પાસેથી લીધેલ ધિરાણની રકમ

**રૂા.૨,૦૦,૦૦૦** ના અવેજમાં પરત ચુકવણી માટે આરોપીએ અમો ફરીયાદીને તમો આરોપીએ **બેંક ઓફ બરોડા, ભરૂચ** શાખાનો ખાતા નં. **૦૨૨૭૦૨૦૦૦૦૦૧૭૪** ચેક નં. **૦૦૦૧૮૨** નંબર વાળો, **રૂા.૨,૦૦,૦૦૦/–** નો **તા. ૧૪/૦૮/૨૦૨૧** નાં રોજનો ચેક આપેલ. ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને ખાતરી અને ભરોસો આપેલ કે ચેક કલીયરન્સમાં નાંખતા જરૂરથી પાસ થઈ જશે. આરોપીનાં એવા કથન પર ભરોસો કરી ફરીયાદીએ આરોપીનો ચેક તેઓનાં લ ેણા નાંણાની ચુકવણી પેટે સ્વીકારેલ. તે ચેક ફરીયાદીએ તેઓના **બેંક ઓફ બરોડા, ભરૂચ** શાખામાં **તા. ૧૪/૦૮/૨૦૨૧** ના રોજ કલીયરન્સ માટે નાખતા **તા.૧૮/૦૮/૨૦૨૧** ના રોજ સદર ચેક **"FUNDS INSUFFICENT"** ના શેરા સાથે પરત ફરેલ. જેની જાણ ફરીયાદીને થતા તેઓએ તેઓના વકીલશ્રી મારફતે **તા.૨૪/૦૮/૨૦૨૧** નાં રોજ ડીમાન્ડ નોટીસ આરોપીને યોગ્ય સમયમાં આર.પી.એડી. થી આરોપીના સરનામે મોકલેલ. જે નોટીસ **તા.૦૧/૦૯/૨૦૨૧** ના રોજ આરોપીના જાણીતા સરનામે બજી ગયેલ. જે અંગેની એ.ડી.સ્લીપમાં સહીં છે. આરોપીને ડીમાન્ડ નોટીસ મળી ગયેલ હોવા છતા નોટીસનું પાલન કરેલ નહીં જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ કરી આરોપી વિરૂઘ્ઘ ઘી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય નશ્યત કરવા નમ્ર અરજ કરેલ છે.

**આરોપીની હાજરી અને તેમનું નિવેદન :–**

(૨) આરોપીને સમન્સ બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને મળી ગયેલની ખાતરી કરી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ **આંક–૦૭** થી આરોપીની પ્લી નોંધી ગુન્હા અંગે પુછતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

**ફરયાદપક્ષ ના પુરાવા :–**

(૩) ત્યારબાદ, ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે :–

## –:: મૌખિક પુરાવો ::–

| સાહેદ નં. | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અંકિત રમેશચંદ્ર મોદી તે એ. આર. શ્રોફ પેઢીનાં પ્રોપરાઈટર, દીનાબેન રમેશચંદ્ર મોદીના કુ.મુ.ની સોગંદનામા સ્વરૂપે જુબાની | ૪ |

## –:: દસ્તાવેજી પુરાવા ::–

| ક્રમ નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક (ચેક નં. ૦૦૦૧૮૨) | ૦૮ |
| ૨. | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૦૦૦૧૮૨ રીટર્ન થયા અંગેની રીટર્ન મેમો | ૦૯ |
| ૩. | ફરીયાદીએ તેઓના વકીલ મારફત આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસની ઓફીસ કોપી | ૧૦ |
| ૪. | સદર નોટીસ આરોપીના સરનામે આર.પી.એ.ડી. કરેલની પોસ્ટ ખાતાની સફેદ પાવતી. | ૧૧ |
| ૫. | સદર આર.પી.એ.ડી. આરોપીના સરનામે બજી ગયા અંગે પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ. | ૧૨ |
| ૬. | નમુનો નં. ૧૧ નું પત્રક | ૧૩ |
| ૭. | ફરીયાદીએ મેળવેલ નાણાં ધિરનાર અંગેનાં લાયસન્સની ખરી નકલ | ૧૪ |
| ૮ | એ.આર.શ્રોફ પેઢીના પ્રોપરાઈટર દીનાબેન રમેશચંદ્ર મોદીએ અંકિત રમેશચંદ્ર મોદીને આપેલ કુલમુખત્યારનામાની સર્ટીફાઈ કોપી | ૧૫ |

આમ ઉપર મુબજના દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદપક્ષ તરફે રજુ થતાં આ સિવાય ફરીયાદપક્ષ અન્ય કોઈ વધુ પુરાવાઓ રજુ કરાવા માંગતા ન હોય **આંક–૧૭** થી કલોઝીંગ પુરસીશ રજુ કરવામાં આવેલ.

**<u>આરોપીનું વિશેષ નિવેદન :–</u>**

(૪) ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ તેમજ વિશેષ નિવેદન આપવા માટે આરોપીને પુરતી તક આપવા છતાં

આરોપી હાજર રહેતાં ન હોય, તેમજ તેઓએ કેસની કાર્યવાહી જાણી–જોઈને વિલંબમાં નાખેલ હોય, ફરીયાદીએ **આંક–૨૦** થી આપેલ અરજી ઉપર કરેલ હુકમ મજુબ આરોપીનો વિશેષ નિવેદન આપવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજદીન સુધી સદર હકક ખોલાવવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદીન સુધી એપેલ ેટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈ પણ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**<u>પક્ષકારોની દલીલો :–</u>**

**(૫) ફરીયાદપક્ષની દલીલો**

ફરીયાદી તરફે વિ.વ.શ્રી **એચ.પી. પરમાર** દલીલ કરે છે કે, ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી પુરાવાથી પુરવાર કરેલ છે. જયારે આરોપી તરફે કોઈ બચાવ લેવામાં આવેલ નથી. ત્યારબાદ આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં કોઈજ ઉલટતપાસ કરેલ ન હોય, ફરીયાદીની **આંક–૧૬** ની અરજી ઉપર હુકમ કરી, આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદીની ઉલટતપાસ પણ કરવામાં આવેલ ન હોય તેવાં સંજોગોમાં ફરીયાદી સરતપાસ ઉપર જે હકીકત જણાવે છે તે ન માનવાને કારણ નથી. આરોપીએ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું કોઈ ખં ડન કરેલ નથી, જેથી આવા સંજોગોમાં ફરીયાદીનું કાયદેસરનું લેણું પુરવાર થતું હોય, તેમજ આ કાયદાની કલમ–૧૩૮ ના તત્વો પુરવાર થતા હોય, આરોપીને વધુમાં વધુ સજા કરી વળ તર અપાવવા રજુઆત કરેલ છે.

**(૬) બચાવપક્ષની દલીલો**

સદર કામ આરોપી તરફે દલીલો માટે રાખવામાં આવે છે, આરોપીને દલીલો કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપીએ દલીલો કરેલ ન હોય, આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ. જે આરોપી તરફે આજદીન સુધી સદર હકક ખોલાવવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદીન સુધી એપેલેટ કોર્ટમાં પડકારેલ પણ નથી.

(૭) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવાઓ તથા સંલગ્ન કાયદાની જોગવાઈ તેમજ ઉભયપક્ષની રજુઆતો ઘ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મજુબનાં મુદ્દાંઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાંઓ ::–**

**૧.** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર છે કે, આ કામના આરોપી ફરીયાદી પાસેથી **તા.૧૪/૦૮/૨૦૨૧** ના રોજ **રૂા.૨,૦૦,૦૦૦/–** રોકડેથી ધિરાણ લીધેલ હતા. જે આરોપીએ અમો ફરીયાદી પાસેથી લીધેલ ધિરાણની રકમ **રૂા.૨,૦૦,૦૦૦** ના અવેજમાં પરત ચુકવણી માટે આરોપીએ અમો ફરીયાદીને તમો આરોપીએ **બેંક ઓફ બરોડા, ભરૂચ** શાખાનો ખાતા નં. **૦૨૨૭૦૨૦૦૦૦૦૧૭૪** ચેક નં. **૦૦૦૧૮૨** નંબર વાળો, **રૂા.૨,૦૦,૦૦૦/–** નો **તા. ૧૪/૦૮/૨૦૨૧** નાં રોજનો ચેક આપેલ. ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને ખાતરી અને ભરોસો આપેલ કે ચેક કલીયરન્સમાં નાંખતા જરૂરથી પાસ થઈ જશે. આરોપીનાં એવા કથન પર ભરોસો કરી ફરીયાદીએ આરોપીનો ચેક તેઓનાં લેણા નાંણાની ચુકવણી પેટે સ્વીકારેલ. તે ચેક ફરીયાદીએ તેઓના **બેંક ઓફ બરોડા, ભરૂચ** શાખામાં **તા. ૧૪/૦૮/૨૦૨૧** ના રોજ કલીયરન્સ માટે નાખતા **તા.૧૮/૦૮/૨૦૨૧** ના રોજ સદર ચેક **"FUNDS INSUFFICENT"** ના શેરા સાથે પરત ફરેલ. જેની જાણ ફરીયાદીને થતા તેઓએ તેઓના વકીલશ્રી મારફતે **તા.૨૪/૦૮/૨૦૨૧** નાં રોજ ડીમાન્ડ નોટીસ આરોપીને યોગ્ય સમયમાં આર.પી.એડી. થી આરોપીના સરનામે મોકલેલ. જે નોટીસ **તા.૦૧/૦૯/૨૦૨૧** ના રોજ આરોપીના જાણીતા સરનામે બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાં અંગેના નિર્ણય નીચે મુજબ છે.

**૧.** હકારાતમક.

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>ઉપરોકત જવાબોના મારા કારણો નીચે મુજબ છે.</u>**

**<u>–:: કારણો ::–</u>**

**મુદ્દાં નંબર–૧ :–**

(૯) **<u>મુદ્દાં નં. ૧ ની ચર્ચા કરતા પહેલા કલમ–૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.</u>**

- આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.
- આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.
- ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી છ માસમાં (હાલ ૩ માસમાં) બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ.
- ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ–ચુકવાયેલ કારણે પરત થયેલ હોવો જોઈએ.
- ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિતમાં ગણી કરેલ હોવી જોઈએ.
- આરોપીને લેખિત માંગણીવાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન–૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવી જોઈએ.
- ત્યારબાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ આ કાયદાની કલમ–૧૩૮ નો ગુનો સાબિત થયાનું માની શકાય.

**(૧૦)** સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વ એ છે કે, તકરારી ચેક કાયદેસરનું દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત:અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકીકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંત જ ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકની કલમ–૧૩૮ અન્વયે ચેક ધારણ કરનાર

યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક આપનાર યાને કે હાલના આરોપીની વિરૂધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સંપૂણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન અંગેનો પુરાવો રજુ કરવાનો સંપૂર્ણ બોજો આરોપી ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી તકરારી ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

**(૧૧)** ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪** થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ, આરોપીએ ફરીયાદી પાસેથી **તા.૧૪/૦૮/૨૦૨૧** ના રોજ **રૂ.૨,૦૦,૦૦૦/–** રોકડેથી ધિરાણ લીધેલ હતા. જે આરોપીએ અમો ફરીયાદી પાસ ેથી લીધેલ ધિરાણની રકમ **રૂ.૨,૦૦,૦૦૦** ના અવેજમાં પરત ચુકવણી માટે આરોપીએ અમો ફરીયાદીને તમો આરોપીએ **બેંક ઓફ બરોડા, ભરૂચ** શાખાનો ખાતા નં. **૦૨૨૭૦૨૦૦૦૦૦૧ ૭૪** ચેક નં. **૦૦૦૧૮૨** નંબર વાળો, **રૂ.૨,૦૦,૦૦૦/–** નો **તા. ૧૪/૦૮/૨૦૨૧** નાં રોજનો ચેક આપેલ. ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને ખાતરી અને ભરોસો આપેલ કે ચેક કલીયરન્સમાં નાંખતા જરૂરથી પાસ થઈ જશે. આરોપીનાં એવા કથન પર ભરોસો કરી ફરીયાદીએ આરોપીનો ચેક તેઓનાં લેણા નાંણાની ચુકવણી પેટે સ્વીકારેલ. તે ચેક ફરીયાદીએ તેઓના **બેંક ઓફ બરોડા, ભરૂચ** શાખામાં **તા. ૧૪/૦૮/૨૦૨૧** ના રોજ કલીયરન્સ માટે નાખતા **તા.૧૮/૦૮/૨૦૨૧** ના રોજ સદર ચેક **“FUNDS INSUFFICENT”** ના શેરા સાથે પરત ફરેલ. જેની જાણ ફરીયાદીને થતા તેઓએ તેઓના વકીલશ્રી મારફતે **તા.૨૪/૦૮/૨૦૨૧** નાં રોજ ડીમાન્ડ નોટીસ આરોપીને યોગ્ય સમયમાં આર.પી.એડી. થી આરોપીના સરનામે મોકલેલ. જે નોટીસ **તા.૦૧/૦૯/૨૦૨૧** ના રોજ

આરોપીના જાણીતા સરનામે બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી આ કાયદાની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે.

આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપીએ ઉલટતપાસ કરેલ ન હોય, **<u>આંક–૧૬</u>** થી ફરીયાદી તરફે રજુ અરજી ઉપર હુકમ કરી ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હકકબંધ કરવામાં આવે છે. આરોપી તરફે આજદીન સુધી ઉલટતપાસનો હકક ખોલવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને એપેટલેટ કોર્ટમાં પડકારેલ પણ નથી. ફરીયાદી જે હકીકતો સોગંદ ઉપર જણાવે છે તે તમામ હકીકતો પડકાર્યા વિનાની છે. ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે તમામ દસ્તાવેજી પુરાવાઓ પણ પડકાર્યા વિનાના છે. જયારે હકીકતો પડકાર્યા વિનાની હોય ત્યારે ફરીયાદી સોગંદ ઉપર સત્ય હકીકતો જણાવે છે. જયારે હકીકતો પડકાર્યા વિનાની હોય ત્યારે ફરીયાદી સોગંદ ઉપર સત્ય હકીકતો જણાવે છે તે માનવાને કારણ રહે છે. વધુમાં કલમ–૧૩૯ અને કલમ–૧૧૮ નું અનુમાન પણ ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. તે અનુમાનની ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની છે. પરંતુ આરોપી તરફે ફરીયાદીએ જણાવેલ કોઈ હકીકતો પડકારેલ નથી, જેથી આરોપીએ અનુમાન કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. આવા સંજોગોમાં આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરીયાદીને પોતાની સહીવાળો પોતાના ખાતાનો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે.

વધુમાં **<u>એ.આઈ.આર.૨૦૧૦ (સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરૂધ્ધ મોહન</u>** ના ચુકાદાથી નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ ના અનુમાનમાં કાયદાકીય અમલને પાત્ર વ્યવહાર અથવા તો જવાબદારીનું અસ્તિત્વ હોવાનો સમાવેશ થાય છે. સદર અનુમાન એ ખંડનાત્મક અનુમાન છે. આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર દેવું અથવા તો જવાબદારીનું અસ્તિત્વ ન હોવા બાબતે પોતાનો બચાવ રજુ કરી શકે છે. પરંતુ ફરીયાદીને લાભ કરે તેવું પ્રારંભિક અનુમાન હવા બાબતે કોઈ શંકા નથી. કલમ–૧૩૯ નો સમાવેશ કાયદા ઘડનાર ધ્વારા વટાઉખતની વિશ્વસનીયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે કે કલમ–૧૩૮ ધ્વારા ચેકનો અસ્વીકાર થયાનાં કીસ્સામાં સખત ફોજદારી ઉપાય મળે, જયારે કલમ–૧૩૯ માં કરવામાં આવેલ ખંડનાત્મક અનુમાનની

જોગવાઈ ઈન્સાફી કાર્યવાહીમાં થતી વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં યાદ રાખવું જરૂરી છે કે, કલમ–૧૩૮ ધ્વારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઈએ. કારણ કે ચેકનો અસ્વીકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય હોય છે અને જેની અસર મોટા ભાગે વ્યાપાર સાથે સંકળાયેલ હોય તેવા ખાનગી પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણે દર્શાવીતી સાબિતીનો હોવો જોઈએ નહીં. જે હકીકત ધ્યાને લેતાં જયારે આરોપીએ અનુમાનનુ ખંડન કરવું હોય ત્યારે સાબિતીનું ધોરણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી થવું જોઈએ. માટે જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવું અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઉભો કરવામાં સફળ થાય તો ફરીયાદપક્ષનો કેસ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઉભો કરવા માટે ફરીયાદપક્ષ તરફથી જે સામગ્રી રજુ કરવામાં આવી હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ–૧૩૯ અન્વયેના અનુમાનનુ ખંડન કરવા માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુધ્ધિ ધારણ કરનાર માણસ સ્વીકારી શકે તેવો સંભવિત બચાવ હોવો જોઈએ. સબબ સદર ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં પણ તકરારી ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવાં દેવા કે જવાબદારીની ચુકવણી પેટે આપ્યો હોવાની હકીકતને અનુમાન કરવામાં આવે છે.

હવે એ નકકી કરવાનું રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનું પ્રસ્થાપિત થાય તો તકરારી ચેક અંગે કોઈ કાયદેસરની લ ેણી રકમ હતી તેવી હકીકત પુરવાર કરવા અંગે સાબીતીનો બોજો ફરીયાદીના શીર ઉપર સિફટ થાય તેમ છે. આ કામે આરોપી તરફે કોઈ સીધો કે પ્રત્યક્ષ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરીને અથવા તો રેકર્ડ ઉપર રહેલી સામગ્ર ી ધ્વારા સદર સ્ટેચ્યુટરી અનુમાનનું ખંડન કરેલ નથી. ઉપરોકત રંગપ્પા ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ આ કામે લીધેલ બચાવ સંભવિત બચાવ છે કે કેમ, તે પણ નકકી કરવાનું રહે છે. તે હકીકત નકકી કરવા માટે હાલના કેસમાં આરોપી

તરફે ઉલટતપાસ દરમિયાન તેમજ દલીલો દરમિયાન ઉપસ્થિત કરેલ બચાવ ધ્યાને લેવાનાં રહે છે. પરંતુ આ કામે આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય તેમજ કોઈ દલીલો કરવામાં આવેલ ન હોય, આરોપી તરફે કલમ–૧૩૯ ના અનુમાનનું કોઈ વ્યાજબી ખંડન કરેલ નથી.

આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદીની જુબાની તથા ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતાં ફરીયાદીનું કાયદેસરનું લેણું પુરવાર થાય છે. આરોપીએ કલમ–૧૩૯ અને કલમ–૧૧૮ ના અનુમાનનું કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. વધુમાં, સબબ તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવેલ હોવાનું તથા તે ચેક **“FUNDS INSUFFICINT”** ના શેરા સાથે વગર સ્વીકારચે પરત ફરેલ હોવાનું તથા **ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલાવેલ હોવાનું અનુમાન કરી શકાય. જેથી આરોપીને નોટીસ બજી ગયેલ** હોવા છતાં આરોપી વિરૂધ્ધ કરેલ હોવાનું પુરવાર કરેલ હોય **“મુદ્દાં નં. ૧”** નો જવાબ **“હકારમા”** આપી આરોપીને તકસીરવાર ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

રેકર્ડ જોતાં આરોપી ઘણી મુદતોથી નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી અને આજરોજ પણ આરોપીને નામદાર કોર્ટમાં હાજર રહેવા માટે છેલ્લી મુદત આપેલ હોવા છતાં આરોપી કે તેના વિ.વ.શ્રી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી કે કોઈ મુદત રીપોર્ટ નથી. જેથી આવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવો ન્યાયોચિત જણાય છે.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **Sharad Jethalal Savla - Applicant Versus State of Gujarat & others (2017 3 GLH 146)** ચુકાદાના પેરા નં. ૧૨ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, **So far as the qiestion is concerned as regards the Pronouncement of the judgement ans order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial court.** આમ નીચલી કોર્ટે આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ કરેલ તે નામ. કોર્ટે યોગ્ય ઠેરવી નીચલી કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો ન હોવાનું ઠરાવેલ છે.

આમ, હાલના કેસમાં આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ જાહેર કરવો ન્યાયોચિત જણાય છે. આ કામે સજાના સંદર્ભે કેસની હકીકત ધ્યાને લઈએ તો આરોપીની પ્લી ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ લેવામાં આવેલ છે અને તે આધારે કેસની કાર્યવાહી આગળ ચલાવામાં આવેલ છે. કાયદાની કલમ–૨૫૫(૨) મુજબ આરોપીને તકસીરવાર ઠરાવવામાં આવે તો આરોપીને સજા અંગે સાંભળવા ફરજીયાત નથી. સજાના સંદર્ભમાં કેસની હકીકત ધ્યાને લઈએ તો નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ એ સ્પેશ્યલ એકટ છે અને તેમાં તેના ભંગ બદલ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ કે ચેકની રકમ કરતાં બે ગણા સધી અથવા બંને થઈ શકે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪ ધ્યાને લેવામાં આવે તો સ્પેશ્યલ એકટમાં કરવામાં આવેલ સજાની જોગવાઈને આધારે તે મુજબ કોર્ટને આરોપીને તકસીરવાન ઠરાવવાની અને દં ડ કરવાની સત્તા છે. સજા સંદર્ભે આરોપી તરફે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈએ તો તથા આરોપીની ઉંમર, તેમની કૌટુંબિક જવાબદારી તથા પ્રથમ ગુનો હોય તેથી બે વર્ષ પુરેપુરી સજા કરવી યોગ્ય જણાતુ નથી. સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડીઅદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. તે મજુબ સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ સાથોસાથ અત્યં ત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર, તેનો સામાજિક દરજ્જો, તે કયા સમાજમાંથી આવે છે તે વગેરે હકીકતોને ધ્યાને લઈ સજા અં ગેનો નિર્ણય કરવાનો રહે છે. નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસ્લેચર નો હેતુ બેંકોનું કામકાજ તેના નિયમોનુસાર કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ કે જેમાં ચેક પ્રોમેસરીનોટ વગેરેનો સમાવેશ થાય છે. તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અં ગેનો છે. સદરહુ આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે ચકે આપ્યો છે. તે ચેક **“FUNDS INSUFFICINT”** ના શેરા સાથે વગર સ્વીકારે પરત ફરેલ છે. તેથી તે કાયદા પાછળનો હેતુ ધ્યાને લેતાં આવા કેસમાં આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ એને સમાજમાં

દાખલો બેસે અને લોકોનો બેંકીગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનું છું. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘઠવા પાછળનો ધારાસભાના ઈરાદાનો અસરકારક અમલ તે અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ના આવે તો લોકોનો બેંકીગ વ્યવસ્થા માંથી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં થઈ જશે. અને તે કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય અને તેથી તે બધી હકીકતોને ધ્યાનમાં લેતાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

**વધુમાં ૨૦૧૩(૧) જીએલઆર ૨૨૨, આર.મોહન વિરૂધ્ધ એ.કે.વિજયાકુમાર** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટે સદર એકટની કલમ–૧ ૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાના કેસોની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને સજા ફરમાવતી વખતે સંહીતાની કલમ–૩૫૭ અન્વયે ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે. જે ધ્યાને લેતાં ફરીયાદીને યોગ્ય વળતર અપાવવું ન્યાયોચિત જણાં તુ હોય જેથી **“મુદ્દાં નં. ૨”** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

- આ કામના આરોપી **ખાલીદભાઈ વલીભાઈ પટેલ,** રહે. મકાન નં. ૧૧, અપના નગર સોસાયટી, ગામ–વાગરા, તા. વાગરા, જી. ભરૂચનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાર ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ તકરારી ચેકની રકમ હુકમ થયાથી દીન–૬૦ માં ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી આ વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

- આરોપીએ વળતરની રકમ જમા કરાવ્યેથી આ કામના ફરીયાદીએ પોતાની ઓળખતનો આધાર–પુરાવો નામદાર કોર્ટમાં રજુ કર્યેથી તે રકમ તેઓને વળતર પેટે ચુકવવાની રહેશે તેવો પણ આથી હુકમ કરવામાં આવે છે.
- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ અન્વયે આરોપીને જજમેન્ટની નકલ વિના મુલ્યે અત્રેની કોર્ટે પુરી પાડવી.
- આરોપી તર્ફેના જાત મુચરકા તથા જામીન ખત રદ્દ ગણવા.
- આ કામના આરોપી હાજર ન હોય તો સજા વોરંટ ભરી મોકલી આપવું.

**આજરોજ તારીખ ૧૭ મી, માહે જૂન, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી જાહેર કર્યો.**

તા.૧૭/૦૬/૨૦૨૨

ભરૂચ.

(આશીષ એસ.પાંડે)
છઠ્ઠાં એડી.જયુ.મેજી.ફ.ક., ભરૂચ.
GJ01639